વ્હાલો રે... વ્હાલો રે... (૨)
એની બ્રહ્મજ્યોતિ આંખો, બાંધે ખૂબ ખૂબ ખૂબ, (૨)
આ દિવ્ય દૃષ્ટિ, આ દિવ્ય શક્તિ, બાંધતો ઉરથી ઉર, આપે સુખ સુખ સુખ (૨)
એની બ્રહ્મજ્યોતિ આંખો.

સૃષ્ટિમાંથી ભાવે ખેંચી, અનુપમ રતન ભાખી,
ચુંબક ચૈતન્ય સ્પર્શી, ચૈતન્ય લિયે આકર્ષી;
આ પૂર્વ પ્રેમી, અપૂર્વ સ્નેહી, પૂર્વનાં ખેંચે જૂથ, આપે સુખ સુખ સુખ (૨)
એની બ્રહ્મજ્યોતિ આંખો.

કચરામાંથી કંચન શોધી, અમૂલ્ય ભાવે આંકે,
સંગીનો યથાર્થ મહિમા સમજી, ગુણલા એના ગાયે;
આ સ્વામી સંગી, આ પ્રભુપંથી, માહાત્મ્યનાં જાણે મૂલ, આપે સુખ સુખ સુખ(૨)
એની બ્રહ્મજ્યોતિ આંખો.

વહાવે રણમાં હેતની ધારા, હરિયાળી ભોમ બનાવે,
એના પ્રેમે માહાત્મ્યનાં, બીજ ઉગાડે હૃદયે;
આ પ્રેમપુષ્ટિ, આ મૌનભક્તિ, વૃત્તિનાં બદલે મૂળ, આપે સુખ સુખ સુખ (૨)
એની બ્રહ્મજ્યોતિ આંખો.

ચંદ્રમાંથી અગન વરસે, સૂર્ય શીતલતા અર્પે,
અવનીએ તારા ચમકાવે, તિમિરે તેજ રેલાવે;
આ ભવ્ય વિભૂતિ, આ ભવ્ય મૂરતિ, સંકલ્પે પલટે પૂર, આપે સુખ સુખ સુખ (૨)
એની બ્રહ્મજ્યોતિ આંખો.